ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૩૬ ટકા

ગાંધીનગર તાપમાન

ગ-૪ અન્ડરપાસ માટે ખોદાયેલા ખાડામાં બે કિશોરો ખાબકયાં...!!

શુક્રવારે સાંજે બનેલી ઘટનામાં સાયકલ સાથે ખાબકેલા બંને કિશોરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત : ફાયરબ્રિગેડની ટીમે બહાર કાઢયા : ગંભીર રીતે ઘાયલ હિતાર્થ સોનીને આજે પરોઢિયે સાડા ત્રણ કલાક લાંબી સર્જરી બાદ આઈસીયુમાં રખાયો : અન્ય કિશોરને પણ હાથમાં પ્લેટ નાંખવી પડી

ગાંધીનગર, તા.૨૭

કિશોર વયે માણેલી સાયકલ સવારીની મોજ જીવનભરનું સંભારણું બની રહે છે પરંતુ ગાંધીનગરના બે કિશોરો માટે સાયકલસવારી એક અત્યંત કરૂણ દુઃસ્વપ્ન બની જવા પામી છે. શુક્રવારે સાંજે શહેરના ગ-૪ સર્કલે બની રહેલા અન્ડરપાસના નિર્માણ માટે ખોદાયેલા ખાડામાં બે કિશોરો સાયકલ સાથે ખાબકતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવા પામ્યા છે. જેમાંથી એક કિશોરને કમરના નીચેના ભાગના મણકાંઓમાં ગંભીર ઈજાઓ થવા પામી છે જયારે બીજાને હાથે તથા શરીરના અન્ય ભાગોએ ઈજાઓ થવા પામી છે.

સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત ગ માર્ગ પર નિર્માણ પામી રહેલા અન્ડરપાસ નજીક સ્વર્ણિમ પાર્કને સમાંતર માર્ગ પર સાયકલ સવારીનો આનંદ લુંટી રહેલા ત્રણ કિશોરોને સ્હેજ પણ અંદાજો નહોતો કે પળભરમાં તેમનો આનંદ ભયાનક અને પારાવાર પીડામાં ફેરવાઈ જવાનો છે. ઘ-૬ નજીક સેકટર-૨૮માં રહેતા ૧૫ વર્ષીય હિતાર્થ ધર્મેશકુમાર સોની પોતાના મિત્ર ધાર્મિક જશુભાઈ પટેલ રહે. પ્લોટ નં. ૬૬૦/૧ના ઘરે અન્ય મિત્ર સાથે દરરોજના નિત્યકમ મુજબ વાંચવા માટે ગયો હતો. વાંચન વહેલું પુરું કરીને ત્રણેય મિત્રો રિલેકસ થવાના હેતુથી સાયકલ લઈને સ્વર્ણિમ પાર્ક પાસે આવ્યા હતા જયાં તેમણે મહાત્મા મંદિરથી ગ-૪ તરફના માર્ગે બેરીકેડસ ખસી ગયેલા જોતાં નિર્વિઘ્ને સાયકલ સવારીનો આનંદ માણી શકાય તે હેતુથી તે માર્ગ પર સાયકલો લઈને ગયા હતા પંરતુ તેમને કયાં ખબર હતી કે આગળ એક મોટું વિઘ્ન તેમના આનંદને છીનવવા મ્હોં ફાડીને બેઠું છે. સાંજના અંદાજે સાડા સાત વાગ્યાનો સુમાર હતો અને ત્રણેય મિત્રો પોતાના નિજાનંદમાં સાયકલ સવારી માણી રહ્યા હતા પરંતુ ગ-૪ નજીક અન્ડરપાસના નિર્માણ માટે ખોદવામાં આવેલા ખાડા આડે કોઈ આડસ ના હોવાથી અને સાંજના અંધારામાં આગળ મસ મોટ ખાડો છે તેવો અંદાજ ચુકી જવાથી સૌથી પહેલાં આગળ ચાલી રહેલ હિતાર્થ સોની ખાડામાં ખાબકયો, તુરંત તેની પાછળ જ આવી રહેલ ધાર્મિક પટેલ પણ ખાડામાં ખાબકયો હતો. સદભાગ્યે આ બંને પાછળ આવી રહેલા ત્રીજા મિત્રએ આ બંનેને ગાયબ થતાં નિહાળી પોતાની સાયકલને બ્રેક મારી દીધી હતી અને નજીક જઈને જોતાં તેના હોશકોશ ઉડી ગયા હતા કેમ કે બંને મિત્રો અંદાજે ૨૦ ફુટથી વધુ ઊંડા ખાડામાં જઈને પડયા હતા. આ દશ્ય નિહાળી તેણે તુરંત જ નજીકમાં સ્વર્ણિમ પાર્કમાં બેઠલા કેટલાંક યુવાનોને બુમો પાડીને બોલાવ્યા હતા જેઓ આવી જતા તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કર્યો તેમજ તે પૈકી કોઈને લાગ્યું કે આટલા ઊંડા ખાડામાંથી આ કિશોરોને બહાર કવી રીતે લાવવા તેથી તેમણે ફાયર બ્રિગેડને પણ કોલ કરી દેતા ગણતરીના સમયમાં બે ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટના સ્થળે ધસી આવી હતી.

અંધારું વધતું હતુ હતું ત્યારે ફાયર બ્રિગેડની ટીમે ખાડામાં ઉતરીને પારાવાર દર્દથી કણસી રહેલા બંને કિશોરોને બહાર કાઢયા હતા. જે પૈકી હિતાર્થને ઈજાઓ વધુ જણાતા તેને ૧૦૮ એમ્બ્યુલન્સે હાઈટેક હોસ્પિટલ પહોંચાડયો હતો જયારે અન્ય એમ્બ્યુલન્સમાં ધાર્મિકને સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. હિતાર્થને હાઈટેકમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ તેના સીટીસ્કેન અને અન્ય રિપોર્ટ કરવામાં આવતા તેને તબીબે તાત્કાલિક સ્પાઈનનું ઓપરેશન કરવું જરુરી જણાવતા તેના પરિવારજનો રાત્રે એસજી હાઈવે પરની શેલ્બી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા જયાં પરોઢિયે તેને સર્જરી કરવામાં આવી હતી અને હાલ તે આઈસીયુમાં ૪૮ કલાકની તબીબી દેખરેખ હેઠળ છે. બીજી તરફ ધાર્મિકને પણ સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ તેના પરિવારજનો અમદાવાદથી બાવળા માર્ગ પરની સ્પર્શ હોસ્પિટલ ખાતે લઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે જયાં તેના હાથે તેમજ શરીરના અન્ય ભાગે ઈજાઓ હોવાથી સર્જરી કરવી પડી છે. ફાયર બ્રિગેડની ટીમે પણ યુધ્ધના ધોરણે ત્વરીત અને પ્રસંશનીય કામગીરી બજાવી હતી.

હિતાર્થ સોની સેકટર-૨૪માં આભુષણ જવેલર્સ ચલાવતા ધર્મેશકુમાર સોનીનો પુત્ર છે અને સે-૨૩ની શ્રી સ્વામિનારાયણ પબ્લિક સ્કુલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. હિતાર્થ સોની ફુટબોલનો સારો ખેલાડી છે અને સ્કુલની ટીમનો કેપ્ટન પણ રહી ચુકયો છે. તેને થયેલી ગંભીર સ્પાઈન ઈન્જરીના કારણે હવે ભવિષ્યમાં તે ફુટબોલ રમી શકશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ સર્જાયો છે.

ત્રીજો મિત્ર અટકયો ના હોત તો મોટી કરૂણાંતિકા સર્જાઈ હોત...!!

ત્રણેય મિત્રો પૈકી હિતાર્થ અને ધાર્મિક ખાડામાં પડી ગયા અને તેમની પાછળ આવતો ત્રીજો મિત્ર સમયસર અટકી જતા તે નજીકમાં પાર્કમાં બેઠેલા યુવાનોને મદદ માટે બોલાવી શકયો હતો. જો તે પણ આ બંને સાથે ખાડામાં પટકાયો હોત તો મોડી સાંજના સમયે અન્ય કોઈને અણસાર પણ ના આવ્યો હોત કે કિશોરો ખાડામાં પડયા છે અને તેમને સમયસર સારવાર પણ મળી શકી ના હોત જેના કારણે મોટી કરૂણાંતિકા સર્જાઈ હોત પરંતુ સદભાગ્યે ત્રીજો મિત્ર અટકી ગયો હતો.

છુટક રોજગાર કરતા લારી-ગલ્લા ધારકો માટે પ્રધાનમંત્રી નિધી યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત બેંક ઓફ ઈન્ડિયા, મહાનગરપાલિકાના કમિશનર રતનકુંવરબા તેમજ આઈએએસ અધિકારી સંજયકુમાર દ્વારા લારી-ગલ્લા ધારકોને દસ દસ હજારના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ચ-૫ ફુવારા પાસે સ્વ. ઈન્દિરા ગાંધીની પ્રતિમા માટે નિયત સ્થળ જમીનદોસ્ત કરાયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના 'ચ' માર્ગ પર ચ-૫ ફુવારા પાસે ડૉ. જીવરાજ મહેતા ભવનના ઉત્તર તરફના ખૂણે પૂર્વ વડાપ્રધાન 'પ્રિયદર્શિની' ઈન્દિરા ગાંધીની પ્રતિમા મૂકવા માટે જે જગ્યા નીમ કરવામાં આવી હતી તેને જમીનદોસ્ત કરી દેવામાં આવતા શહેર જિલ્લા કોંગ્રેસે વિરોધ વ્યકત કર્યો છે.

સ્વ. ઈન્દિરા ગાંધીએ દેશ માટે પોતાના જીવનની આહુતિ આપી દીધી છે પરંતુ વર્તમાન સરકાર દ્વારા જેમણે દેશ માટે બલિદાનો આપ્યા છે તેમના પ્રત્યે કિન્નાખોરી રાખવામાં આવે છે જે અંતર્ગત ચ-૫ ફુવારા પાસે સ્વ. ઈન્દિરા ગાંધીની પ્રતિમા મૂકવા માટે જે જગ્યા નીમ કરવામાં આવી હતી તેને જમીનદોસ્ત કરી દેવામાં આવી હોવાનો આક્ષેપ કરતાં શહેર જિલ્લા કોંગ્રેસે અખબારી યાદીમાં જણાવ્યું છે આગામી સરકારે દિવંગત વડાપ્રધાન સ્વ. ઈન્દિરાજીની પ્રતિમા મૂકવા માટે આ જગ્યા નીમ કરી હતી પરંતુ વર્તમાન સરકારે પ્રતિમા મુકીને અનાવરણ કરવાને બદલે તે જગ્યાને જ જમીનદોસ્ત કરી દીધી છે. આઝાદી પછી દેશની કરવટ બદલી છે તેવા મહાનુભાવો સાથે કિન્નાખોરી રાખી કરવામાં આવતું કૃત્ય તંદુરસ્ત લોકશાહી માટે યોગ્ય નથી તેવું જણાવતા કોંગ્રેસે આ કૃત્ય સામે વિરોધ વ્યકત કર્યો છે તેમજ જનતાની લાગણી દુભાઈ હોવાનું જણાવ્યું છે.

જન્મદિને વધામણી

કનૈયાલાલ પંડ્યા
કથાકાર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭

આશા એમ. શર્મા
શિક્ષક, પેથાપુર કુમાર શાળા નં. ૨

હર્ષદભાઈ એસ. પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૦૪૨૪૧

ઘનશ્યામજી પી. રાઠોડ
મો. ૯૭૨૩૩ ૯૩૨૨૦

આજે ગુજકોસ્ટ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઓનલાઈન ઉજવણી કરશે

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને સંશોધનકારો લાઈવ ટોક કરશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), સ્પેસ એપ્લિકેશન સેન્ટર (ઈસરો), ફીઝીકલ રિસર્ચ લેબોરેટરી, નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન, નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (નાઈપર) અને ગુજરાત સાયન્સ સીટીના સંયુક્ત ઉપકમે તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૧ રવિવારના રોજ નેશનલ સાયન્સ ડે એટલે કે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે વિજ્ઞાન દિવસની થીમ 'વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશનનું ભવિષ્ય અને તેની શિક્ષણ, સ્કિલ અને કામગીરી પર અસરો' નિયત કરવામાં આવી છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને સંશોધનકારો લાઈવ ટોકમાં દેશનાં યુવાનોને આજનાં યુગનાં તાજેતરનાં સંશોધનો અને ઈનોવેશન અંગે માહિતી આપીને વિજ્ઞાન ક્ષેત્રે નવીનતમ સંશોધન દ્વારા વિકાસ માટે પ્રોત્સાહિત કરશે. ઈસરો સંસ્થાનના સ્પેસ એપ્લિકેશન સેન્ટરનાં નિયામક નિલેશ દેસાઈ દ્વારા અવકાશ વિજ્ઞાન અને સેટેલાઈટ ટેકનોલોજી ક્ષેત્રે ભારતની સિધ્ધીઓ દ્વારા આવનારી પેઢીને માહિતગાર કરી શકશે.

અમદાવાદ સ્થિત ફિઝીકલ રીસર્ચ લેબોરેટરીના નિયામક ડૉ. અનિલ ભારદ્વાજ 'વિજ્ઞાન અને સંશોધનનું મહત્વ' સમજાવશે. ગાંધીનગરના ખાતેની 'નાઈપર'ના નિયામક ડૉ. કિરણ કાલિયા દ્વારા લાઈફ સાયન્સ દ્વારા સંશોધન કરી સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવી રોગો સામે પ્રતિકાર માટે નવી થેરાપી વિકસાવવા અને તેનાં દ્વારા સમાજનું સ્વાસ્થ્ય સુધારવા પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવશે. નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનનાં ડિરેક્ટર વિપિનકુમાર સર્જનાત્મકતા અને ઈનોવેશન દ્વારા યંગ જનરેશનને ભવિષ્યમાં સંશોધન કરવા અને સ્માર્ટ ઈનોવેશન દ્વારા જીવનસ્તર સુધારવા માટે પ્રેરણા આપશે. ગુજકોસ્ટ દ્વારા ગુજરાત રાજ્યની સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઈનોવેશન (એસટીઆઈ) પોલિસીનું અમલીકરણ કરવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ રાજ્યમાં ગુણવત્તાસભર સંશોધન, શિક્ષણ અને પ્રસાર દ્વારા સંશોધન ઈકોસિસ્ટમ બનાવવાનું છે. ચન્દ્રશેખર વેંકટ રામન એમાંના મહાન ભૌતિકશાસ્ત્રી હતા જેમણે રામન ઈફેક્ટની શોધ વર્ષ ૧૯૨૮માં કરી હતી. રમન ઈફેક્ટને નોબેલ પ્રાઈઝ દ્વારા નવાજવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૮૭થી આ દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની વર્ચ્યુઅલ ઉજવણીમાં સહભાગી થવા રવિવાર, તા.૨૮મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ થી ૧૨.૩૦ કલાકે યુટ્યુબ લિંક દ્વારા જોડાઈ શકાશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત 'યોગ સંવાદ' કાર્યક્રમ નેશનલ સાયન્સ યુનિવર્સિટી સેક્ટર-૯ પોલીસ ભવન પાસે યોજાયો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શીશપાલજી દ્વારા યોગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમકે અષ્ટાંગ યોગના નિયમો તેમજ તેના ૮ પ્રકાર તેના વિશે માહિતગાર કર્યા હતા તેમજ આયુર્વેદિકનો રોજબરોજની જીંદગીમાં સુંઠ. ઊકાળા, ગોળ વગેરેનો ઉપયોગ કરવો જોઈએ અને બાળકોને જંકફૂડ થી દુર રાખવા જોઈએ જેવા કે પીઝા, પાસ્તા, દાબેલી તેમજ મહત્તમ આપણી પરંપરાગત વાનગીઓનો ઉપયોગ વધારવાની સલાહ શીશપાલજીએ યોગ સંવાદમાં આપી હતી. આજકાલ લોકોના બેઠાડુ જીવનને કારણે ઘણા રોગોને આપણે શરીરમાં આમંત્રણ આપીએ છીએ માટે દરરોજ સવારે વહેલા ઊઠી યોગ કરવાની સલાહ ચેરમેનશ્રીએ આપ હતી. ૨૧ જુન ૨૦૨૧ વિશ્વ યોગ દિવસ આવે છે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું સ્વપ્ન ૧૦૦૦૦૦ યોગ ટ્રેનર કરવનું છે. જેનું સુકાન યોગ સેવક શીશપાલજીને આપ્યું છે. દરેક યોગ કોચનું અભિવાદન કરેલ તેઓએ કર્યું હતું.

બી.બી.એ કોલેજ તેમજ ICICI ડાયરેક્ટનાં સંયુક્ત ઉપકમે 'ડાયનેમીક્સ ઓફ કેપિટલ માર્કેટ ઈન ઈન્ડિયા' પર ઓનલાઈન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ડાયનેમીક્સ ઓફ કેપિટલ માર્કેટ ઈન ઈન્ડિયા વિષય પર વર્કશોપ નું આયોજન થયું. કોલેજ ના આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિ દ્વારા મહેમાનો નું સ્વાગત કરવા માં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને સમગ્ર તાલીમને ગંભીરતા પૂર્વક લેવા જણાવ્યુ હતું. કોલેજના વિદ્યાર્થીઓ ઉપરોક્ત સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ રાષ્ટ્રીય સ્તરે ઝળકી ચૂક્યા છે તે બાબત પર ધ્યનાકર્ષિત કર્યું હતું. ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર કાર્યક્રમ નું સંકલન કર્યું હતું તેમજ વિદ્યાર્થીઓને આજના કાર્યક્રમ બાબતે સજ્જ કર્યા હતા. વર્કશોપમાં બીબીએ સેમેસ્ટર- ૬ નાં ૧૪૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ICICI ડાયરેક્ટ તરફથી માર્કેટિંગ રિજનલ મેનેજર શુભમ ચોરે તેમજ સમૃદ્ધિ મહેતા દ્વારા વિદ્યાર્થીઓને ખુબ અસરકારક રીતે ફાઈનાન્સ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ અને સ્ટોક માર્કેટની ખુબ ઊંડાણ પૂર્વક સમજ આપવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓ ને સ્ટોક માર્કેટની 'સ્ટોક માઈન્ડ' સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. તેમજ તેઓએ વિદ્યાર્થીઓને લોગીન કેવી રીતે કરવું તેમજ ઓન લાઈન ટ્રેડીંગ કેવી રીતે થાય તેની તલસ્પર્શી માહિતી આપી હતી. આ ગેમ ની વિશેષતા એ છે કે વિદ્યાર્થીઓ ને લાઈવ ટ્રેડીંગ કરવાનો મોકો મળે તેમજ ૧૫ લાખ વર્ચ્યુઅલ રૂપિયા પણ શેર માર્કેટમાં ટ્રેડીંગ માટે આપવામાં આવે જેથી વિદ્યાર્થીઓને હાલ ના માર્કેટ ની પરિસ્થિતિમાં સ્ટોક માર્કેટ નો કોઈપણ જાતનાં જોખમ વિના અનુભવ મેળવવા નો મોકો મળે છે. છેલ્લા છ વર્ષથી કૉલેજનાં વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ખૂબ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં જય સુથાર રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય તેમજ નિખિલ ચૌહાણ રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ચૂક્યા છે. બીબીએ. કૉલેજના અધ્યાપક ગણ વિદ્યાર્થીઓને આવી તમામ પ્રવૃતિઓ ઑ માટે પ્રોત્સાહિત કરતા રહે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓ ને બહાર લાવી શકાય. વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું કે વર્કશોપ દ્વારા ફાઈનાન્સ વિષયનું ખુબ ઊંડાણ પૂર્વક પ્રાયોગિક જ્ઞાન મળ્યું હતું જે તેઓ ને તેમની વ્યવસાયિક કારકિર્દી માં ઉપયોગી સાબિત થશે.



સમગ્ર કાર્યક્રમ નું આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટના હેડ ડો.જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ડો.આશિષ ભુવા, ડો.પ્રજ્ઞેશ નવલખા, ડો. નિવેદિતા રાવલ, ડો. અમિતા પ્રજાપતિ, ડો. માર્ગી દેસાઈ, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

ઓનલાઈન છેતરપીંડીથી બચવા શહેરીજનોને ઈલેકટ્રીક તેમજ મોંઘી વસ્તુ ઓફલાઈન ખરીદવા અપીલ

ગાંધીનગર, તા.૨૭

શહેરીજનો હાલ કોરોનાકાળ દરમિયાન ઘરની બહાર જવાનું ટાળે છે. આમ તો ધીમે ધીમે કોરોનાનો ભય ઓછો થતો જઈ રહ્યો છે પરંતુ હજીય ઘરની બહાર જવાનું ટાળતા શહેરીજનો હાલ ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. પરંતુ ઓનલાઈન ખરીદી કરતા શહેરીજનો સાથે છેતરપીંડી થઈ રહી છે. મંગાવાયેલી વસ્તુ ડિફેકટીવ અથવા તો યુઝડ આવે છે. આ ઉપરાંત ખાસ કરીને ઓટીપી શેર કર્યા બાદ પાર્સલ ઘરે ન મળવાના બનાવો પણ બની રહ્યા છે.

શહેરીજનો કોરોનાકાળથી જ ઓનલાઈન શોપીંગ કરતા વધુ પ્રમાણમાં થયા છે અને કરિયાણની ચીજવસ્તુઓ તો બરાબર છે પણ પહેલા જેમ ઈલેકટ્રીક ચીજવસ્તુઓ જોઈને લેતા ચેક કરીને લેતા તેમ હવે રહ્યું નથી. ઓનલાઈન ડિસ્કાઉન્ટ મળતા શહેરીજનો ઈલેકટ્રીક ગેઝેસ્ટ પણ ઓનલાઈન મંગાવી લે છે ત્યારે ઘણીવાર એવું બને છે કે, વસ્તુ ડિફેકટીવ કે વપરાશ કરેલી આવે છે તે રીટર્ન થતી નથી અને રીપ્લેસ થતા દિવસો નીકળી જાય છે ઉપરાંત ઓનલાઈન કસ્ટમર કેર સાથે વાત કરતા કોઈ સંતોષકારક જવાબ મળતા નથી અને ગ્રાહકના પૈસા રોકાઈ જાય છે. ડિઝીટલ વોચ અને મોબાઈલ ફોનમાં આ કિસ્સા વધુ પ્રમાણમાં બની રહ્યા છે ત્યારે આ અનુભવ કરી ચુકેલા શહેરના યુવાનો દ્વારા સર્વે શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે કોઈ પણ ઈલેકટ્રીક કે મોંઘી વસ્તુની ખરીદી કરો તો ઓફલાઈન એટલે કે શો રૂમ પર વસ્તુ ચેક કર્યા બાદ કરો. એક સમયે ડિસ્કાઉન્ટ નહી મળે તો ચાલશે પણ વસ્તુ વ્યાજબી અને ઓરીજનલ મળશે. ઉપરાંત શૉ રૂમ દ્વારા અપાતા વોરંટી બેનીફીટસ સાથે રિપ્લેસમેન્ટ પણ સરળ રહેશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાઘેલા અખિલસિંહ ભૂપતસિંહ
  ઉ.વ. ૩૫, લેકાવાડા

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. આચાર્ય મધુકાન્તા જયેન્દ્રપ્રસાદ
  ઉ.વ. ૭૦, રાંદેસણ
- સ્વ. મહેતા મહેશ બિહારીલાલ
  ઉ.વ. ૬૩, સેકટર-૩
- સ્વ. પટેલ મધુસુદન માણેકલાલ
  ઉ.વ. ૭૧, સરગાસણ